| | |
|---|---|
| Publication – Jai Hind | Page No. 05 |
| Edition – Gujarat | Date – 03.12.2020 |

# Ashraf Patel wins SEOY 2020 Award

### પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવના

## અશરફ પટેલે સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ -૨૦૨૦ જીત્યો

નવી દિલ્હી તા.૧

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ભગીની સંસ્થા શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રેન્યોરશીપ અને જયુબિલન્ટ ભરતિયા ગ્રૂહના જયુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવના અશરફ પટેલને સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ-ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ એવોર્ડ ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અને ટેક્સટાઈલ મંત્રી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ સમગ્ર વિશ્વમાં અલગ-અલગ ક્ષેત્રોમાંથી ઉપસ્થિત અગ્રણી હસ્તીઓની હાજરીમાં યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન એનાયત કર્યો હતો. શ્રીમતી ઈરાનીએ જણાવ્યું હતું કે, આ એવોર્ડ આપણા દેશને બતાવે છે કે, અનુકંપા માત્ર સૌથી પ્રેમાળ પરિબળ નથી. પરંતુ એટલા જ પ્રમાણમાં નફાકારક કૌશલ્ય પણ છે. જેઓ આ મંચ પર આવ્યા છે તેઓ ડિજિટલ ઈન્ડિયાના ચેમ્પિયન્સ છે.